રાજ્યમાં કોરોનાનો કાળો કહેર યથાવત, નવા ૮૭૯ કેસ

કુલ સંક્રમિતોનો આંક ૪૧૯૦૬ અને ૧૩નાં મોત મૃતાંક ૨૦૪૯ : ૨૯૧૮૯ દર્દીઓ કોરોના મુક્ત થયા : ૬૯ વેન્ટીલેટર પર અને ૧૦૫૯૪ સ્ટેબલ સાથે કુલ એક્ટીવ કેસ ૧૦૬૬૧

ગાંધીનગર,તા.૧૨

રાજ્યમાં સતત ચોથા દિવસે કોરોના પોઝિટિવનો આંકડો ૮૦૦ને પાર થયો છે.રાજ્યમાં આજે ૨૪ કલાકમાં ૭૫૮૦ કોરોના ટેસ્ટ કરાતા ૮૭૯ કોરોના પોઝિટિવના કેસ નોંધાયા હતા. રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૩ દર્દીઓના કોરોના થી મોત થયા હતાં. રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૨૦૪૭ થયો છે. રાજ્યમાં આજે ૫૧૩ દર્દીઓ ડિસ્ચાર્જ કરાતા અત્યાર સુધીમાં ૨૯૧૮૯ દર્દીઓ કોરોના મુક્ત થયા છે.રાજ્યામાં ૬૯ વેન્ટીલેટર પર અને ૧૦૫૯૪ સ્ટેબલ સાથે કુલ એક્ટીવ કેસની સંખ્યા આજની સ્થિતિએ ૧૦૬૬૧ છે.રાજ્યમાં કોરોનાના કેસો માં દૈનિક સતત વધારો છેલ્લા ચાર દિવસથી ૮૦૦ ને ઉપર નોંધાય છે.તા.૯ મી જુલાઇ થી આજ દિન સુધી અનુક્રમે ૮૬૧,૮૭૫,૮૭૨ અને આજે ૮૭૯ કોરોનાના કેસ નોંધાતા કુલ ચાર દિવસમાં ૩૪૮૬ કેસોનો ઉમેરો કર્યો છે.

જે રાજ્યમાં કોરોનાના સંક્રમણમાં સતત વધારો થઇ રહ્યો હોવાનું દર્શાવી રહ્યા છે. રાજ્યમાં આજે કોરોનાને લીધે અમદાવાદ કોર્પોરેશનમાં ૪,સુરત કોર્પોરેશનમાં ૩ અને જીલ્લામાં ૨ , જુનાગઢમાં ૨, ખેડામાં ૧ અને રાજકોટ કોર્પોરેશનમાં ૧ સાથે કુલ ૧૩ મોત થયા છે. અમદાવાદ શહેરમાં ૧૫૨ અને ગ્રામ્યમાં ૨૦ સાથે કુલ ૧૭૨ કોરોના પોઝિટિવ કેસ આજે નોંધાયા છે.આ સાથે અમદાવાદમાં કુલ સંક્રમિતોનો આંકડો ૨૩ હજારને પાર થઇ ૨૩૦૯૫ થયો છે. જ્યારે આજે વધુ ૪ દર્દીના કોરોનાને લીધે મોત થતા કુલ મૃત્યુઆંક ૧૫૧૯ થયો છે. જોકે શહેરમાં દૈનિક મોતમાં ઘટાડો છેલ્લા સપ્તાહ થી જોવા મળે છે.સુરત શહેરમાં ૨૦૫ અને ગ્રામ્યમાં ૪૬ સાથે કોરોનાના આજે ૨૫૧ કેસ નોંધાયા છે.

આ સાથે સુરત શહેરમાં ૭૮૨૮ કુલ કોરોના સંક્રમિતના કેસ નોંધાયા છે. આજે વધુ પાંચના મોત નોંધાતા સુરતમાં કુલ મૃત્યુઆંક ૨૧૪ થયો છે. વડોદરા કોર્પોરેશન માં ૬૮ અને ગ્રામ્યમાં ૭ કેસ સાથે આજે કોરોનાના કેસમાં વધારો નોંધાતા ૭૫ થયો છે.આ સાથે વડોદરા શહેરમાં કેસની સંખ્યા ૩ હજારને પાર કરી ૩૦૫૨ કુલ કોરોના સંક્રમિતના કેસ થયા છે. આજે ગાંધીનગર ગ્રામ્યમાં ૧૮ અને કોર્પોરેશનમાં ૧૧ સાથે ૨૯ કોરોનાના કેસ નોંધાયા છે. આ સાથે કોરોના સંક્રમિતોનો કુલ આંકડો ૮૯૩ થયો છે.

ક્યા જિલ્લામાં કેટલા કેસ

શહેર	કેસ	મૃત્યુ	ડીસ્ચાર્જ
અમદાવાદ	૨૩૦૯૫	૧૫૨૦	૧૭૯૨૨
સુરત	૭૮૨૮	૨૨૦	૪૭૮૧
વડોદરા	૩૦૫૨	૫૧	૨૧૪૮
રાજકોટ	૬૫૫	૧૭	૧૮૧
ભાવનગર	૬૦૨	૧૩	૨૨૨
ગાંધીનગર	૮૮૩	૩૪	૬૨૭
કચ્છ	૨૪૫	૦૭	૧૪૫
મહેસાણા	૪૪૯	૧૪	૧૮૯
ગીર-સોમનાથ	૧૩૨	૦૧	૫૦
પોરબંદર	૨૪	૦૨	૧૯
પંચમહાલ	૨૪૬	૧૬	૧૭૫
પાટણ	૨૭૬	૧૯	૧૮૬
છોટાઉદેપુર	૭૯	૦૨	૫૫
જામનગર	૩૪૯	૦૯	૧૯૬
મોરબી	૮૬	૦૩	૩૪
સાબરકાંઠા	૨૫૦	૦૮	૧૬૦
આણંદ	૨૯૮	૧૩	૨૪૮
દાહોદ	૧૩૬	૦૨	૫૫
ભરૂચ	૪૨૫	૧૧	૨૨૮
બનાસકાંઠા	૩૩૬	૧૪	૨૨૫
ખેડા	૩૧૦	૧૪	૧૮૨
બોટાદ	૧૨૧	૦૩	૭૮
નર્મદા	૧૦૮	૦૦	૯૪
અરવલ્લી	૨૪૮	૨૪	૨૧૦
મહીસાગર	૧૭૨	૦૨	૧૧૮
નવસારી	૨૫૧	૦૨	૧૩૩
તાપી	૪૨	૦૦	૧૪
વલસાડ	૩૪૩	૦૫	૧૨૩
જૂનાગઢ	૩૧૨	૦૭	૧૨૩
સુરેન્દ્રનગર	૨૯૧	૦૮	૧૩૯
દેવભૂમિ દ્વારકા	૨૯	૦૩	૨૨
ડાંગ	૦૭	૦૦	૦૪
અમરેલી	૧૪૯	૦૯	૮૩
કુલ	૪૧૯૦૬	૨૦૪૭	૨૯૧૯૮

મોડાસા ડેપોમાંથી સુરત જતી એસટી બસો કોરોના વાહક બની શકે છે..!!

આરોગ્યતંત્ર સુરતથી આવતા મુસાફરો, તમામ લોકોનું સઘન ચેકીંગ કરવામાં આવેની લોકમાંગ

મોડાસા, તા. ૧૨

ગતિશીલ ગુજરાતમાં કોરોનાએ ગતિ પકડતા સરકાર અને આરોગ્યતંત્ર વાઇબ્રન્ટ બની ગયું હોય તેમ કોરોના બેકાબુ બની રહ્યો છે. રાજ્યમાં સુરત કોરોનાનું હોટસ્પોટ બન્યું હોય તેમ કોરોનાના કેસ ફૂદકેને ભૂસકે વધી રહ્યા છે. સુરતમાં

ફેલાયેલું કોરોનાનું સંક્રમણ અરવલ્લીમાં કોરોનાને વધુ ચેપગ્રસ્ત ન બનાવે તે માટે આરોગ્યતંત્ર દ્વારા સુરતથી આવતાં મુસાફરોનું અને વિવિધ વાહનો મારફતે પ્રવેશતા લોકોનું સઘન ચેકીંગ હાથ ધરવામાં આવે તેવી લોક માંગ પ્રબળ બની છે, હાલ પુરતુ હિંમતનગર ડિવિઝનની સુરત વાયા અમદાવાદના એસટી બસના રૂટ બંધ કરી દેવામાં આવ્યા છે પરંતુ મોડાસાથી સુરત વાયા ગોધરા અને અન્ય રૂટ પર જતી એસટી બસના ૭ થી વધુ રૂટ ચાલુ રહેતા અરવલ્લી જીલ્લામાં કોરોનાના સંક્રમણનો ખતરો પેદા થતા જાગૃત નાગરિકોમાં અમદાવાદ તંત્રે એસટી બસના રૂટ બંધ કરવાના નિર્ણય જેમ થોડો સમય મોડાસાથી સુરત આવતી જતી બસના રૂટ બંધ કરવામાં આવેની માંગ પ્રબળ બની છે.

રાજ્યમાં ૧ જુલાઇથી એસટી બસ શરૂ કરવામાં આવી છે, કોરોનાના સંક્રમણના પગલે લોકો હજુ પણ બસમાં મુસાફરી કરવાનું ટાળી રહ્યા છે. રાજ્યમાં કોરોના પોઝેટીવ દર્દીઓને મામલે અમદાવાદને પાછળ છોડી દેનાર સુરતમાં કોરોનાનું સંક્રમણ ઝડપથી ફેલાઈ રહ્યું છે ત્યારે સુરતથી આવતા લોકો કોરોનાગ્રસ્ત મોડાસા શહેર અને અરવલ્લી જીલ્લામાં વધું સંક્રમણ ફેલાવવાની ભીતિ પેદા થઈ છે. સુરતમાં કોરોનાનું સંક્રમણ વધતા નોકરી-ધંધા અર્થે સ્થાયી થયેલા લોકોએ પરત અરવલ્લી તરફ પ્રયાણ ભણ્યું છે જેના કારણે જો સુરતના લોકો અરવલ્લી જીલ્લામાં આવે તો મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં કોરોના પોઝેટીવ દર્દીઓનો ગ્રાફ વધુ ઉપર જઈ શકે છે.

સુરતથી અમદાવાદ આવતી જતી એસટી બસનું સંચાલન બંધ કરવામાં આવ્યું છે તેમ અરવલ્લી જીલ્લામાં પણ બસોનુ થોડા સમય પૂરતું સંચાલન બંધ કરવામાં આવે અને સુરતથી આવતી તમામ બસો અને ખાનગી વાહનો મારફતે પ્રવેશતા લોકોનું સઘન ચેકીંગ કરવામાં આવેની જાગૃત નાગરિકોમાં માંગ પ્રબળ બની છે. સુરતથી આવતા લોકોને આરોગ્યતંત્ર હોમ કોરન્ટાઇન કરે તે ખુબ જરૂરી છે.

અમરેલીમાં ધરણાં કરી રહેલા પરેશ ધાનાણીની અટકાયત

વિપક્ષી નેતા પોતાના વિસ્તારમાં કોરોના લેબ ટેસ્ટની માગ સાથે અમરેલી સિવિલ ખાતે પ્રતિક ઉપવાસ પર બેઠા હતા

રાજકોટ, તા. ૧૨

ગુજરાતમાં વધી રહેલા કોરોના સંક્રમિતોની સંખ્યાને લઈને વિપક્ષ દ્વારા સતત સત્તાધીશ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરવામાં આવી રહ્યાં છે, ત્યારે આજે રાજ્યની વિધાનસભામાં વિપક્ષ નેતા પરેશ ધાનાણી પોતાના વિસ્તારમાં કોરોના લેબ ટેસ્ટની માંગ સાથે અમરેલી સિવિલ ખાતે પ્રતિક ઉપવાસ પર બેઠા હતા. જ્યાં તેમની અટકાયત કરવામાં આવી છે. આ અંગે પ્રાપ્ત વિગતો પ્રમાણે, વિપક્ષ નેતા પરેશ ધાનાણીએ પોતાના વિધાનસભા વિસ્તાર અમરેલીમાં આરોગ્ય સબંધી સુવિધાઓ વધારવાની પોતાની માંગણીઓ રાજ્ય સરકાર તાત્કાલીક સ્વીકારે તેની માંગ સાથે આંદોલનની ચિમકી ઉચ્ચારી હતી.

વિપક્ષ નેતાનું કહેવું છે કે, સુરતમાં કોરોના કેસ વધતા ત્યાંથી રત્ન કલાકારોનો અમરેલી તરફ ધસારો વધ્યો છે. અગાઉ સુરતથી પેસેન્જર આવતા હતા, હવે પેશન્ટ આવે છે. આગામી એક સપ્તાહમાં અમરેલીની હોસ્પિટલોમાં કોરોનાના દદીઓને જગ્યા પણ નહીં મળે. રાજ્ય સરકાર અમરેલીને કોરોના ટેસ્ટીંગ લેબ આપવામાં ઓરમાયું વર્તન કરી રહી છે. આ સિવાય રાજુલા સાવરકુંડલાની હોસ્પિટલને અપગ્રેડ કરવા વિપક્ષના નેતાએ સરકાર પાસે માંગ મૂકી છે.

પોતાની માંગને લઈને વિપક્ષ નેતા પરેશ ધાનાણી આજે અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે પ્રતિક ઉપવાસ પર બેઠા હતા. અમરેલીમાં કોરોના ટેસ્ટ લેબની માંગ સાથે વિપક્ષ નેતાએ હોસ્પિટલની બહાર ધરણાં શરૂ કર્યા હતા, પરંતુ પોલીસે તેમની અટકાયત કરી હતી.

દશેલા ગામમાં જુગાર રમતા પાંચ શકુની ઝડપાયા : બે ફરાર

શ્રાવણ માસ પહેલા જ ગાંધીગનર શહેર-જિલ્લામાં જુગારની મૌસમ પુરબહારમાં ખીલી હોય તેમ લાગી રહ્યું છે. ગાંધીનગર જિલ્લાના દશેલા ગામના ઓટાવાળી સીમમાં જોગણી માતાના મંદિર પાસે રેઈડ પાડીને જુગાર રમી રહેલા પાંચ શખ્સોને પોલીસે પકડી પાડ્યા હતા.જયારે પોલીસને જોઈ જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી જેમાં બે શખ્સો ભાગી જવામાં સફળ રહ્યા હતા. પોલીસના હાથે પકડાયેલા શકુનીઓમાં શિહોલી મોટી ગામના બિરેન્દ્ર રાધેશ્યામ શર્મા (ઉં.૨૫), નારણજી રમણજી ઠાકોર (ઉં.૩૨), ભરત નગીન વાઘેલા (ઉં.૩૦),અમિત પોપટજી ઠાકોર (ઉં.૨૪), તેમજ દશેલાના અશોકજી સેંધાજી ઠાકોર (ઉં.૪૦)નો સમાવેશ થાય છે. જયારે ભાગી ગયેલા શખ્સોમાં અનિલ બબાજી ઠાકોર અને કરણ કાળાજી ઠાકોર શિહોલી મોટી ગામના હોવાનું સામે આવ્યું હતું. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી રૂ.૩૯ રોકડા, ૩ મોબાઈલ અને ૩ બાઈક મળીને કુલ રૂ. ૧.૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.પોલીસે સાતેય શખ્સો સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

કણાદર ગામની યુવતી બ્યુટી પાર્લરનો કોર્ષ કરવા નીકળી અને ભિલોડાના બજારમાંથી ગુમ

વિજયનગર તાલુકાના કણાદર ગામની ૨૦ વર્ષીય યુવતી બ્યુટી પાર્લરનો કોર્ષ કરવા માટે ઘરેથી નીકળી અને ભિલોડાના બજારમાંથી ગુમ થઈ ગઈ છે. તાલુકા પંચાયતના મેડા ઉપર બ્યુટી પાર્લરનો કોર્ષ કર્યા બાદ યુવતી બજારમાંથી ગુમ થઈ જતા પરીવારજનો ચિંતાતુર છે. પોલીસએ ગુમ યુવતીની શોધખોળ હાથ ધરી છે. પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. સરસ્વતીબેન બલાત, કલ્પેશભાઈ અસારીના જણાવ્યા મુજબ કણાદર ગામની નેહાબેન અશ્વિનભાઈ પંચોલા ભિલોડા ખાતે સહેલી બ્યુટી પાર્લરમાં કોર્ષ કરવા માટે ઘરેથી નીકળી હતી. બ્યુટી પાર્લરનો કોર્ષ કર્યા બાદ બપોરે ૩:૦૦ વાગ્યાના અરસામાં યુવતી ગુમ થયેલ હોઈ ત્યારે રાકેશકુમાર અશ્વિનભાઈ પંચોલાએ પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ અરજી આપતા પોલીસએ ગુમ યુવતીના બનાવ સંદર્ભે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

સરવરિયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઘેરાયા હતા પલવારમાં જ વરસાદ શરૂ થઇ ગયો હતો. થોડીવાર માટે ભારે ઝાપટુ આવ્યુ હતુ જેના લીધે શહેરમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાઇ ગયા હતા. સેકટરોમાં રોજબરોજ વરસતા વરસાદી ઝાપટાથી નગરજનોને ચોમાસુ બેસી ગયુ હોવાનો અહેસાસ થાય છે પરંતુ વરસાદનો મિજાજ હજુ પણ મંદ છે. શ્રાવણના સરવરિયા વરસાવતા મેઘરાજાનો મિજાજ પણ નાગરિકો માટે બેચેનીનુ કારણ બન્યો છે.સાંજના સમયે વરસાદનુ ભારે ઝાપટુ વરસતા માર્ગ પર જતા રાહદારીઓ પણ થોડીવાર માટે અટવાઇ ગયા હતા જયારે ૧૫ મિનિટ સુધી વરસેલા વાદળો પલવારમાં વિખેરાઇ પણ ગયા હતા. શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં એક ઇંચ વરસાદ વરસ્યો હતો. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૯ ઇંચ વરસાદ નોંધાયો છે.

વધુ ૧૫ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે. તંત્ર દ્વારા આ દર્દીના પરિવારના ૪ વ્યક્તીઓને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સેક્ટર-૨-સી માં રહેતા અને નગરની પ્રતિષ્ઠીત સહકારી સંસ્થામાં મેનેજરનો હોદ્દો દરાવતા એક ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી લેખિતમાં બાંહેધરી આપાતં તંત્રએ તેને મંજૂરી આપી છે.

તંત્રે આ દર્દીના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

ટોરેન્ટ ફાર્માસ્યુટીકલમાં નોકરી કરતો એક ૨૮ વર્ષીય યુવક જે સે. ૪-બી માં રહે છે તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવકે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી અને લેખિત બાંહેધરી આપતાં તંત્રએ તેને મંજૂરી આપી છે. આ દર્દીના પરિવારમાં ૩ સભ્યો છે તેમને પણ તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

ખાનગી વ્યવસાય કરતા અને સે. ૧૪ માં રહેતા એક ૫૭ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના પરિવારમાં ૪ સભ્યો છે તેમને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સેક્ટર-૨૬ માં રહેતા અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડમાં નોકરી કરતા એક ૫૭ વર્ષીય પુરૂષ તેમજ તેમના જ ઘરમાં રહી આઈ.ટી.નું કામ કરતા ૨૮ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આ બન્ને દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પરિવારના અન્ય બે સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સે. ૨૬ માં રહેતા અને કર્મકાંડનો વ્યવસાય કરતા એક ૫૦ વર્ષીય વિપ્રનો પણ રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમના પરિવારના ૩ સભ્યોન તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સે. ૪-સી માં એક ૩૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણી કેવી રીતે સંક્રમિત થઈ તેની વિગતો તંત્ર દ્વારા મેળવવામાં આવી રહી છે. મળતી વિગતો પ્રમાણે આ મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી અને લેખિત બાંહેધરી આપતાં તંત્રએ તેણીનીને મંજૂરી આપી છે. તંત્રએ તેણીનીના પરિવારના ૨ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

આ ઉપરાંત સે.૪-સી માં રહેતા અને જી.એસ.આર.ટી.સી. રાણીપ ખાતે નોકરી કરતા એક ૩૬ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ દર્દીના પરિવારના ૫ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સે. ૪-સી માં રહેતા અને અમદાવાદ સિવિલમાં ફાર્માસીસ્ટ તરીકે નોકરી કરતા એક ૨૮ વર્ષીય યુવક તેમજ ૫૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીઓના પરિવારના ૫ વ્યક્તીઓને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં નોંધાયેલા કેસો પૈકી હાલ ૭૯ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૨૧૨ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં હાલ ૪૦૦ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે.

વધુ ૧૯ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે કલોલ અર્બન-૧ ના વિસ્તારમાંથી બે કેસ, સઈજ, પલસાણા અને ધાનજમાંથી એક-એક કેસ મળી આવેલ છે. બોરીસણામાંથી આજે વધુ ૪ કેસ મળી આવ્યા છે. બોરીસણા એ કલોલ અર્બન વિસ્તારની બાજુમાં ઝડપથી વિકાસ પામી રહેલુ ગામ છે.

કલોલ તાલુકાના કેસોની સંખ્યા પણ ૨૫૦ ને પાર કરી ગઈ છે. માણસા તાલુકાના મકાખાડથી એક ૩૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે અને તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

દહેગામ તાલુકામાંથી પણ આજે એક કેસ મળી આવેલ છે. જે વાસણાચૌધરી ગામેથી મળ્યો હોવાનું જાણવા મળેલ છે. જિલ્લાના ગ્રામ્યવિસ્તારમાં વધતા જતા કેસો અને ડેથરેટમાં થઈ રહેલા વધારાથી તંત્ર ચિંતીત બન્યુ છે. જિલ્લાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે વધુ ૧૮ દર્દી રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના નોંધાયેલા કેસોમાંથી હાલ ૧૪૮ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૨૦ હજારથી વધુ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે. જેમાં ૨૦,૩૫૫ લોકો હોમ ક્વોરોન્ટાઈન, ૯૨ લોકો સરકારી ફેસીલીટી સેન્ટરમાં ક્વોરોન્ટાઈન અને ૫૦ લોકો પ્રાઈવેટ ફેસેલીટી સેન્ટરમાં ક્વોરોન્ટાઈન હેઠળ છે. જિલ્લાતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે અત્યાર સુધીમાં ૪૩૭ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારોમાં સઘન સર્વેલન્સની કામગીરી પણ પૂરજોશમાં ચાલી રહી છે.

સંઘવીનું નિધન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આંટીઘૂંટીઓ યથાતથ પીરસતા આવ્યા હતા. તેમના પુસ્તકો ગુજરાતી અને પણ પ્રકાશિત થયા છે. તેમના ગીતા, રામાયણ અને મહાભારતના પ્રવચન પણ લોકપ્રિય છે. તેઓ અત્યાર સુધી સાહિત્યક્ષેત્રે સક્રિય હતા. નગીનદાસ સંઘવીનો જન્મ વર્ષ ૧૯૨૦માં થયો હતો. દેશ આઝાદ થયો ત્યારે વર્ષ ૧૯૪૭માં તેઓએ મુંબઈ યુનિવર્સિટીમાંથી માસ્ટર્સની ડિગ્રી પ્રાપ્ત કરી હતી. મુંબઈની જાણીતી કૉલેજોમાં આશરે ત્રણ દાયકા સુધી પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવનારા નગીનદાસ સંઘવીએ નિવૃતી બાદ વિવિધ સામયિકો અને જર્નલોમાં લખવાની શરૂઆત કરી હતી. ૭૦મા પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ ભારત સરકારે પદ્મ એવોર્ડની જાહેરાત કરી હતી. જેમાં આ એવોર્ડમાં જાણીતા કટાર લેખક નગીનદાસ સંઘવીને શિક્ષણ અને પત્રકારત્વ માટે પદ્મશ્રી એવોર્ડ આપવામાં આવ્યો હતો.

અમિત શાહ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કામગીરીનું ઝીણવટભર્યુ મૂલ્યાંકન તેઓ કરે તેવી શક્યતાઓ છે.

જિલ્લાના કેન્દ્રમાં પડતર પ્રશ્નો અને તેની વર્તમાન સ્થિતિ અંગે પણ આ વિડીયો કોન્ફરન્સમાં ચર્ચા થશે તેમ મનાઈ રહ્યું છે.

"નલ સે જલ" યોજનાની કામગીરી કેટલે પહોંચી તેને લઈ પણ ચર્ચાઓ થશે એટલુ જ નહિ જિલ્લામાં ભૂગર્ભ જળની સ્થિતિ અંગે પણ સમીક્ષા કરાશે તેમ જાણવા મળેલ છે.

ઠંડક પ્રસરી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં વાહકજન્ય કે પાણીજન્ય રોગટાળો વકરે નહિ તે માટે તંત્ર પણ હાલ સતર્ક છે. જિલ્લામાં સારો વરસાદ થઈ રહ્યો છે પણ ડિઝાસ્ટરના કંટ્રોલરૂમમાં જ ચાવીરૂપ જગ્યાઓ ખાલી પડી છે અને જિલ્લાતંત્ર સબ સલામતની ખોખલી આલબેલ પોકારી રહેલ છે. કંટ્રોલરૂમો કાર્યરત છે પણ અધિકારીઓની જગ્યાઓ ખાલી છે. આજે સાંજે ૬ વાગ્યા સુધીમાં જિલ્લાના જહેગામમાં ૧૮ મિ.મિ., કલોલમાં ૧૪ મિ.મિ. અને ગાંધીનગરમાં ૪ મિ.મિ. તથા માણસામાં હળવા વરસાદના ઝાપટા નોંધાયા છે.

લોકાર્પણ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વંચિત ન રહે તે માટે સરકારી છાત્રાલય તેમજ આદર્શ નિવાસી શાળાની યોજના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ મારફતે શરૂ કરવામાં આવેલી છે આ યોજના અંતર્ગત જે ૫ ડો.બાબા સાહેબ આંબેડકર કુમાર છાત્રાલયના લોકાર્પણ સોમવારે થવાના તેમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ગાંધીનગર જિલ્લામાં ૧ અને આણંદ ના બાકરોલમાં એક પી.જી હોસ્ટેલ સહિત ૪ અને ભાવનગર ના મહુવામાં વિકસતી જાતિ ના છાત્રો માટે ૧ છાત્રાલય નો સમાવેશ થાય છે. આ નવ નિર્મિત સંકુલોમાં ૧૨૦૦ વિદ્યાર્થી વિદ્યાર્થિની ને રહેવા જમવા અને અભ્યાસની સગવડ મળશે. રાજ્યમાં હાલ ૬૧ આદર્શ નિવાસી શાળાઓ અને ૧૪૩ સરકારી છાત્રાલયોમાં અનુસૂચિત જાતિના ૭૦૦૨ અને વિકસતી જાતિના ૭૭૭૧ મળી સમગ્રતયા ૧૪૭૭૩ છાત્રો ને સરકાર વિના મૂલ્યે આવાસ અભ્યાસ અને ભોજન સુવિધા આપી રહી છે. એટલું જ નહિ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, વિકસતી જાતિ તેમજ આર્થિક રીતે પછાત વર્ગ ના વિદ્યાર્થીઓ એક જ છત નીચે રહીને અભ્યાસ કરી શકે તે હેતુસર બનાવવામાં આવેલા ૧૮ સમરસ છાત્રાલયો માં ૧૨૫૦૦ વિદ્યાર્થીઓ લાભ મેળવી રહ્યા છે.

કાયદો અને કાનૂન ● ચોથા પાનાનું ચાલુ

પડે તેવી સ્થિતિ છે. પર પ્રાંતિયા મજુરો, માઈગ્રેડ થતા સ્થાનિક મજુરો, કારખાના, ઉદ્યોગ ધંધા તથા ઘર નોકરો, વેઈટરો મળવા મુશ્કેલ બનતા અડધા ધંધા રોજગાર કારીગરોના અભાવે ચાલુ કરી શકયા નથી.

લોકડાઉનમાં લોકો નવરા પડતા ઈ-ચીટીંગ કરતા ફ્રેંડશીપ કલબના તથા લોભ લાલચથી યુવતિને બ્લેકમેઈલ થવાના કિસ્સામાં વધારો થયો છે. તો બીજી તરફ લોકોના લગ્નજીવનમાં ભંગાણની સ્થિતિ પ્રર્વતે છે. છુટાછેડાના કેસોમાં વધારો જોવા મળ્યો છે. એકબીજાને બિભત્સ મેસેજ મોકલી બદનામ કરવાના બનાવો વધવા લાગ્યા છે.

માતા પિતા છુટા પડતા બાળકોની હાલત ધોબીના કુતરા જેવી બની રહી છે. કોની પાસે જવું તે યક્ષ પ્રશ્ન છે. લોકોને નોકરી અપાવવાના બહાને નાણા પડાવતી ગેંગ પણ સક્રિય બની રહી છે તેમજ ઓલેકસ પર વેચાતી વસ્તુઓમાં પણ ધોકાધડી કરવામાં આવે છે. વાહનના ટેસ્ટીંગના બહાને વાહનો લઈ ભાગી જવાના પણ બનાવો બને છે. ખોટી આઈડી આપી વાહનો મેળવી નાણા ના ચુકવી છેતરપીંડી કરનાર પણ ઓળખ ના અભાવે પકડમાં આવતા નથી.

ફ્રેન્ડશીપનો ઈન્કાર કરનાર યુવતિઓને બદનામ કરી તેના બીભત્સ ફોટા નેટ ઉપર અપલોડ કરવાના કિસ્સામાં નોંધ પાત્ર વધારો જોવા મળ્યો છે. નવરા લોકોની માનસીક વિકૃતીનો ભોગ ભોળી જનતાને બનવું પડે છે. સાવધાની એ જ સલામતી છે લોકોએ આવા સમયે શાંતિથી લોભલાલચમા આવ્યા સીવાય કાયદાકિય રીતે વ્યવહારીક અભિગમ અપનાવી વિપરીત સ્થિતિમાં પરિસ્થિતિ ઉપર કાબુ મેળવતા શીખવું પડશે તો જ ગુન્હાખોરીનું પ્રમાણ અટકશે.

રાજસ્થાનમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અહેવાલો પ્રમાણે, જીંએ નોટિસ મોકલી તેના લીધે સચિન નારાજ છે. આ નોટિસ ધારાસભ્યોની હોર્સ ટ્રેડીંગ મામલામાં ઇશ્યૂ કરવામા આવી છે. તેથી તેમની પૂછપરછ કરવામા આવશે. ગૃહ વિભાગ મુખ્યમંત્રી અશોક ગેહલોત હસ્તક છે. તે રીતે જીંદ્વારા આ નોટિસ પાયલટની મુવમેન્ટ જાણવા મોકલવામા આવી હોવાનું ચર્ચાઇ રહ્યું છે. જોકે જીંએ મુખ્યમંત્રી અશોક ગેહલોત સહિત અન્ય મંત્રીઓને પણ નોટિસ મોકલી છે. ભાજપના વરિષ્ઠ નેતા અને રાજ્યસભા સાંસદ ઓમ માથુરે કહ્યું હતું કે, કોંગ્રેસ વચ્ચે અવાનરવાર આ પ્રકારના સમાચાર આવતા રહે છે. અશોક ગેહલોત તેનો આરોપ ભાજપ પર નાખી રહ્યા છે. તેમણે તેમનું ઘર સંભાળવું જોઇએ.

સીલ કરાઈ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સરહદને નિયંત્રિત કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. તે સિવાય પ્રદેશની સરહદ પર પોલીસનું ચેકિંગ પણ વધારી દેવાયું છે અને